નં. સીબી/જમીન/તા.પં./એનએ/એસઆર/૧૦/૦૩/રીવાઈઝ/વશી.૮૪૬૯ થી ૮૪૮૪/૨૦૧૯

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની
કચેરી, ગાંધીનગર.
તારીખઃ–૧૪/૦૫/૨૦૧૯

**વંચાણે લીધું:–**

(૧) તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગરનો હુકમ નં.તા.પં./મસલ/એનએ/એસ.આર.૧૦/વશી.૪૪૩ થી ૪૫૩/૨૦૦૩, તા.૧૫.૦૨.૨૦૦૩

(૨) અરજદારશ્રી પ્રવિણકુમાર હરગોવિંદદાસ પટેલ વિગેરે, રહે.ઈ–૬૦૧, શુકન સીલ્વર, કડી નાગરિક સહકારી બેંક પાસે, કુડાસણ, તા.જી.ગાંધીનગરની તા.૧૬.૦૭.૨૦૧૮ ની અરજી.

(૩) જુનિયર નગર નિયોજકશ્રી, ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ ગાંધીનગરનો પત્ર ક્રમાંક : ગુડા/તાંત્રિક/૨૩૯/૨૦૧૯, તા.૦૯.૦૧.૨૦૧૯

(૪) મામલતદારશ્રી ગાંધીનગરનો પત્ર ક્રમાંક : મામ/જમીન/વશી.૪૪૧/૨૦૧૯, તા.૦૬.૦૨.૨૦૧૯

(૫) અરજદારશ્રીની તા.૨૭.૦૩.૨૦૧૯ ની અરજી તથા તે સાથે રજુ થયેલ ચલણ.

(૬) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : તજર/ગાંધી/બુક/વેરીફીકેશન/૪/૨૦૧૯/૧૨૧૧, તા.૦૩.૦૪.૨૦૧૯

(૭) મુંબઈ જમીન મહેસુલ કાયદો–૧૮૭૯ અને ગુજરાત જમીન મહેસુલ નિયમો–૧૯૭૨.

**હુકમઃ**

આમુખ–(૧) ના તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગરના હુકમથી મોજે.રાંદેસણ, તા.જી. ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૧૩૫/૩, ૧૪૬, ૧૫૧, ૧૪૭ અને ૧૪૮ તથા મોજે.કુડાસણ, તા.જી.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૨૬૩, ૨૬૪ વાળી જમીનમાં રહેણાંકના મકાનો બનાવવા બીનખેતી પરવાનગી આપવામાં આવેલ છે. સદર જમીન પૈકી મોજે.કુડાસણ, તા.જી.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૨૬૪/બ ની ક્ષે.૨૪૬૮ કે જેનો ટી.પી. સ્કીમ નં.૨૨ (કુડાસણ–રાંદેસણ)માં સમાવેશ કરીને એફ.પી. નં.૭૬, ક્ષે.૧૧૨૫ ચો.મી. આપવામાં આવેલ છે તે જમીનમાં હાલના અરજદારશ્રી રહેણાંક ને બદલે વાણીજય હેતુ માટે બીનખેતી ઉપયોગ કરવા માંગતા હોય, આમુખ–(૨) ની અરજીથી રીવાઈઝ બીનખેતી પરવાનગી આપવા માંગણી કરેલ છે.

આમુખ–(૨) ની માંગણી અંગે ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળનો અભિપ્રાય મેળવતાં. આમુખ–(૩) થી રજુ થયેલ અભિપ્રાય મુજબ, સવાલવાળી જમીનમાં વાણીજય હેતુ માટેનો વિકાસ મળવાપાત્ર હોવાનું જણાવેલ છે. પરંતુ, આમુખ–(૪) ના મામલતદારશ્રી ગાંધીનગરના અહેવાલની વિગતે સવાલવાળી જમીનમાં તાલુકા વિકાસ અધિકારીશ્રી ગાંધીનગરના આમુખ–(૧) ના જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫ હેઠળ આપેલ બીનખેતી પરવાનગી હુકમની શરતો મુજબ સ્થળે બાંધકામ ન કરી કરેલ શરતભંગ અંગે જમીન મહેસુલ કાયદાની કલમ–૬૭ હેઠળ દંડનીય કાર્યવાહી કરવા થાય છે.

આમુખ–(૧) થી (૪) ની વિગતે, મોજે.કુડાસણ, તા.જી.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૨૬૪/બ ની આમુખ–(૧) ના હુકમથી રહેણાંક હેતુ માટે બીનખેતી થયેલ ક્ષે.૨૪૬૮ ચો.મી. જમીન પૈકી એફ.પી. નં.૭૬ મુજબની ક્ષે.૧૧૨૫ ચો.મી. જમીનમાં રહેણાંક ને બદલે વાણીજય હેતુ માટે રીવાઈઝ બીનખેતી પરવાનગી આપવાના કામે, રૂપાંતર કરની રકમ પ્રતિ ચો.મી.ના ₹.૮/– લેખે (ક્ષે.૧૧૨૫ ચો.મી. × ₹.૮/–) ₹.૯,૦૦૦/– (અંકે રૂપિયા નવ હજાર પુરા) તથા આમુખ–(૧) ના હુકમની શરતો મુજબ સ્થળે બાંધકામ ન કરી કરેલ શરતભંગ અંગે જમીન મહેસુલ કાયદાની કલમ–૬૭ હેઠળ દંડની રકમ (ક્ષે.૨૪૬૮ ચો.મી. × ૧૦ પટ × ₹.૦.૨૫) ₹.૬,૧૭૦/– (અંકે રૂપિયા છ હજાર એકસો સિત્તેર પુરા) મળી કુલ રકમ ₹.૧૫,૧૭૦/– (અંકે રૂપિયા પંદર હજાર એકસો સિત્તેર પુરા) સરકારશ્રીમાં ભરપાઈ કરવા જણાવતાં, અરજદારશ્રીએ સદર રકમ ચલન નં.૫૯૧.

Scanned by CamScanner

૫૭૨/૨૦૧૮-૧૯, તા.૨૭.૦૩.૨૦૧૯ થી સરકારશ્રીમાં ભરપાઈ કરી તે અંગેના અસલ ચલણ આમુખ-(૫) ની અરજીથી અત્રે રજુ કરેલ, જે ચલણ જિલ્લા તિજોરી અધિકારીશ્રી ગાંધીનગરને મોકલતાં સદર રકમ સરકારશ્રીમાં ભરપાઈ થયા અંગે મેળવણું કરી આમુખ-(૬) ના પત્રથી અસલ ચલણ અત્રે પરત કરેલ છે. તેમજ વર્ષ ૧-૮-૧૮ થી ૩૧-૭-૨૦ સુધીના જમીન મહેસુલ, શિક્ષણ ઉપકર તથા લોકલફંડના નાણાં ₹.૪,૭૨૬/- (અંકે રૂપિયા ચાર હજાર સાતસો છવ્વીસ પુરા) સરકારશ્રીમાં ભરપાઈ કર્યા અંગેની તલાટીશ્રી, કુડાસણની તા.૦૧.૦૪.૨૦૧૯ ની પહોંચ નં.૪, ૮૩ તથા ૬૩ રજુ કરેલ છે.

સબબ, મોજે.કુડાસણ, તા.જી.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૨૬૪/બ ની આમુખ-(૧) ના હુકમથી રહેણાંક હેતુ માટે બીનખેતી થયેલ ક્ષે.૨૪૬૮ ચો.મી. જમીન પૈકી એફ.પી. નં.૭૬ મુજબની ક્ષે.૧૧૨૫ ચો.મી. જમીનમાં આમુખ-(૧) ના હુકમની શરતો ઉપરાંત નીચેની શરતોને આધિન રહેણાંક ને બદલે વાણીજય હેતુ માટે રીવાઈઝ બીનખેતી પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

<u>શ ર તો ::</u>

(૧) આમુખ-(૧) ના હુકમની બાકીની જોગવાઈ અને શરતો યથાવત રહેશે.
(૨) પ્રશ્નવાળી જમીનનો દર વર્ષે બિનખેતી ધારો ₹.૦.૬૦ વસુલ લેવાનો રહેશે.
(૩) સવાલવાળી જમીનમાં શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા નકશા મંજુર કરતાં, પહેલાં ચીફ મેનેજરશ્રી, ઓ.એન.જી.સી. અવની ભવન, ચાંદખેડા,અમદાવાદ પાસેથી પરવાનગી મેળવવાની રહેશે.
(૪) જનરલ મેનેજરશ્રી, ઓ.એન.જી.સી., અવની ભવન, ચાંદખેડા, અમદાવાદના પત્ર ક્રમાંક : એએમડી/એલએકયુ/ઓએનજીસી/એનઓસી/૨૦૧૬/૭૨૭૬૮૧, તા.૨૫.૦૮.૨૦૧૬ થી આપેલ સુચના મુજબ, ઓ.એન.જી.સી.ની હયાત પાઈપ લાઈનથી ઓછામાં ઓછુ ૧૫ મીટર નું અંતર તથા ઈન્સ્ટોલેશન પ્લાન્ટથી ૬૦ મીટર નું અંતર તથા વેલ હેડ ફેર પોઈન્ટના પરિઘથી ઓછામાં ઓછુ ૯૦ મીટર નું અંતર છોડવાનું રહેશે.
(૫) અરજદારશ્રીએ છ માસમાં સક્ષમ ઓથોરીટી (ઔડા/ગુડા) પાસે બીનખેતી લે-આઉટ પ્લાન મંજુર કરાવવાનો રહેશે અને તેની એક નકલ તરત જ જિલ્લા જમીન દફતર નિરીક્ષકશ્રી (ડી.આઈ.એલ.આર.)ને મોકલી આપવાની રહેશે.
(૬) ડી.આઈ.એલ.આર.શ્રી ગાંધીનગરની કચેરીને અરજદારશ્રી ધ્વારા છ-માસમાં લે-આઉટ પ્લાનની નકલ રજુ કરવામાં ન આવે તો ડી.આઈ.એલ.આર.કચેરીએ અત્રેની કચેરીને શરતભંગની કાર્યવાહી કરવા જાણ કરવાની રહેશે.
(૭) બેઝમેન્ટમાં વાણીજયના હેતુના એકમના ઓનર્સ તથા વાણીજય હેતુ માટે આવતા કસ્ટમર્સ માટે વિના મુલ્યે વાહન પાર્કિંગની સવલત પુરી પાડવાની રહેશે.

રવાના કરવા પ્રમાણિત કર્યુ

સહી/-
(એસ.કે.લાંગા)
કલેકટર,ગાંધીનગર

(કે.ટી. [illegible])
ચિટનીશ ટુ કલેકટર
ગાંધીનગર

કલેકટર ગાંધીનગર
ગાંધીનગર જિલ્લો

<u>રજી.પો.એ.ડી.થી</u>

શ્રી પ્રવિણકુમાર હરગોવિંદદાસ પટેલ વિગેરે,
રહે.ઈ-૬૦૧, શુકન સીલ્વર, કડી નાગરિક સહકારી બેંક પાસે, કુડાસણ, તા.જી.ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:-</u>
૧. નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

Scanned by CamScanner

**નકલ રવાનાઃ-**

૧. સિનિયર નગર નિયોજકશ્રી, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ, ઉદ્યોગ ભવન, સેકટર-૧૧, ગાંધીનગર તરફ જાણ તથા ઓએનજીસી અવની ભવનનું ના-વાંધા પ્રમાણપત્ર મેળવીને નકશા મંજુર કરવા સારૂ.

૨. પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગર.

૩. નાયબ કલેકટરશ્રી, જ.સુ., અપીલ, ગાંધીનગર

૪. ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, ગાંધીનગર.

૫. ચીફ મેનેજરશ્રી, ઓ.એન.જી.સી.અવની ભવન, ચાંદખેડા, અમદાવાદ તરફ જાણ તેમજ આપના તા.૨૫.૦૮.૨૦૧૬ ના પત્રમાં જણાવેલ વિગતે ખાત્રી કરી (ગુડા/ઔડાને) નકશા મંજુર કરવા એન.ઓ.સી. આપવા સારૂ.

૬. નાયબ કલે. અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, ઓ.એન.જી.સી., અમદાવાદ

૭. મામલતદારશ્રી, ગાંધીનગર તરફ સનંદો અંગે ઘટીત કાર્યવાહી કરવા સારું.

૮. મામલતદાર અને કૃષિપંચશ્રી, ગાંધીનગર.

૯. ડી.આઈ.એલ.આર.શ્રી ગાંધીનગર તરફ જાણ તેમજ અરજદારશ્રી ધ્વારા છ-માસમાં સક્ષમ અધિકારીશ્રી (ઔડા/ગુડા) ના મંજુર કરાવેલ નકશાની નકલ રજુ ન થાય તો શરતભંગની કાર્યવાહી કરવા અત્રે રીપોર્ટ કરવા સારૂ.

૧૦. નાયબ મામલતદારશ્રી (ઈ-ધરા), મામલતદાર કચેરી, ગાંધીનગર તરફ ગામ દફતરે નોંધ કરવા અને તેની નકલ અત્રે મોકલવા સારૂ.

૧૧. તલાટી કમ મંત્રીશ્રી, **કુડાસણ**, તા. જી.ગાંધીનગર તરફ જાણ તથા જરુરી કાર્યવાહી સારું.

૧૨. સિલેકટ ફાઈલ.

Scanned by CamScanner

# WE SERVE TO SAVE

ક્રમાંક: આરએફઓ/૨૬૫/૨૦૨૦
રીજીયોનલ ફાયર ઓફીસર
સ્ટેટ ફાયર પ્રિવેન્સન સર્વિસીસ,
પંચદેવ મંદીર પાછળ,સેકટર–૨૨,ગાંધીનગર.
તા.૧૧/૦૬/૨૦૨૦

પ્રતિ,
મા.[illegible]ની ડેવલોપર્સ વતી ભાગીદાર શ્રી પ્રદીકુમાર એસ પટેલ,
મુ.પો કુડાસણ,તા જી ગાંધીનગર

વિષય : નકશા પર ફાયર સેફટીનો અભિપ્રાય આપવા બાબત.
સંદર્ભ : આપની તા.૧૧/૦૬/૨૦૨૦ની અરજી.

ઉપરોકત વિષય અને આપશ્રીની સંદર્ભ દર્શીત અરજી અન્વયે જણાવવાનું કે મોજે કુડાસણ,તા જી ગાંધીનગર.સર્વે નં.૨૬૪ [illegible],ફાયનલ પ્લોટ નં ૭૬,ટી.પી.૨૨ ખાતે વાણિજય વપરાશ માટે ઈમારત એક (૨ બેઝમેન્ટ,ગ્રાઉન્ડ ઉપર ૦૬ માળ) બનાવવાના હેતુસર માંગવામાં આવેલ અભિપ્રાયમાં અમારા અભિપ્રાય મુજબ નીચે મુજબની બાબતો ધ્યાને લઈ અમલીકરણ કરવાનું રહેશે તેમજ ગુજરાત સરકારનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં તા–૨૧/૦૭/૨૦૧૮ નોટીફીકેશન મુજબ ફાયર સિસ્ટમ લગાવવાની રહેશે.અને નીચેનાં મુદદાઓ પણ ધ્યાને લેવાનાં રહેશે.

૧. ઈમારતમાં નિયમ મુજબની સંપુર્ણ ફીકસ ફાયર ફાઈટીંગ સિસ્ટમ લગાવવાની રહેશે તેમજ પુરતા પ્રમાણમાં ઈમરજન્સી એકઝીટ રાખવાની રહેશે અને ઈમારતમાં ફાયર એલાર્મ, સ્મોક ડીટેકશન સિસ્ટમ અને ઈલેકટ્રીકલ કેબલ લાઈનમાં ફાયર પેસીવ સિસ્ટમ કરવાની રહેશે.બેઝમેન્ટમાં સ્પ્રિકલરઅને સ્મોક એકઝોસ્ટ સિસ્ટમ લગાવવાની રહેશે તેમજ સંપુર્ણ ઈમારત સ્પ્રિકંલરડ કરવાની રહેશે.
૨. હોઝ રીલ અડચણ રહીત સૌથી દુરના સ્થાન સુધી સરળતાથી પહોંચે તે મુજબની લગાવવાની રહેશે.
૩. અલગ અલગ જગ્યાએ દરેક માળ પર ફાયર એકસ્ટીગ્યુસરો પુરતા પ્રમાણમાં રાખવાનાં રહેશે.
૪. નિયમ મુજબ ઈમારતમાં ચારે બાજુ ફાયરનુ મોટુ વાહન ફરી શકે તે મુજબનાં પાકા રોડ બનાવવાનો રહેશે.
૫. સરકારશ્રી, લગત સત્તામંડળ અને સક્ષમ અધિકારીઓ ધ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ લગત તમામ નિયમો, દિશાનિર્દેશો અને કાયદા મુજબ ફાયર સેફટીનું પાલન કરવાનું રહેશે.વધુમા ઈમારત બન્યા બાદ કોઈ અન્ય જોખમ જણાશે તો ફાયર અધિકારીની સુચના મુજબ કરવાનુ રહેશે.

ઉપરોકત સુચનો અને આપેલ નકશામાં જણાવ્યા મુજબના રેખાચિત્રોનું અને સદર પત્રમાં જણાવ્યા મુજબ પાલન કરવાની શરતે સદર અભિપ્રાય આપવામાં આવે છે.

11/6/2020

રીજીયોનલ ફાયર ઓફીસર
સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસીસ
ગાંધીનગર

રીજીયોનલ ફાયર ઓફીસર
ગાંધીનગર રીજીયન